**નોંધ**:- દરેક કેસમાં લઘુત્તમ ૨૦ માર્ક્સ સુધી આપી શકાશે અને ત્યારબાદ ઝીરો માર્ક્સ આપવામાં આવશે.

**<u>સ્ટેનોગ્રાફર, ગ્રેડ- ૩, વર્ગ- ૩ માટે</u>**

- લઘુલિપિ અને કોમ્પ્યુટર પર અનુલેખનનું ટાઇપિંગ
- ૪ મિનિટના એક એવા ૨ પરિચ્છેદોનું શ્રુતલેખન ( કુલ ૮ મિનિટ )
- શ્રુતલેખનની ઝડપ : ગુજરાતી લઘુલિપિમાં પ્રતિ મિનિટ ૬૦ શબ્દો
- અનુલેખનના ટાઇપિંગ માટેનો સમય : કુલ ૫૦ મિનિટ

ઉમેદવારોએ મુખ્ય પરીક્ષામાં મેળવેલા ગુણ પરથી તેમનું આખરી ક્રમાંકન નક્કી કરવામાં આવશે.

બંને ફકરાના કુલ ૧૦૦ ગુણ માંથી ૯૦ ગુણ અનુલેખન માટે અને ૧૦ વિરામચિહ્નો વગેરે માટે ફાળવવામાં આવ્યા છે. અનુલેખન માટે ફાળવવામાં આવેલા ગુણમાંથી દરેક ૩ ભૂલો માટે એક માર્ક કાપવામાં આવશે.

**નોંધ**:- દરેક કેસમાં લઘુત્તમ ૨૦ માર્ક્સ સુધી આપી શકાશે અને ત્યારબાદ ઝીરો માર્ક્સ આપવામાં આવશે.

<u>નોંધઃ-</u> **(૧) પ્રશ્નપત્ર-૧ અને પ્રશ્નપત્ર-૨ નું લાયકી ગુણનું ધોરણ મંડળ નક્કી કરે તે મુજબ રહેશે.**

(૨) ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફર ગ્રેડ -૨ અને ગ્રેડ-૩ ની કૌશલ્ય કસોટી ( લઘુલિપિ અને અનુલેખનનું ટાઇપિંગ ) માટે પાસીંગ ધોરણ ૫૦% નું રહેશે.

(3) ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફર ગ્રેડ -૨ અને ગ્રેડ-૩ ના ઉમેદવારો માટે **પ્રશ્નપત્ર-૧** માટે લઘુત્તમ લાયકી ગુણ અને **પ્રશ્નપત્ર-૨** માટે લઘુત્તમ લાયકી ગુણ તેમજ બંને **પ્રશ્નપત્રો**ના **કુલ- ૨૦૦ ગુણ**માંથી એકંદરે લઘુત્તમ લાયકી ગુણ મંડળ દ્વારા નક્કી કરવામાં આવશે. અને તે વિગતોને ધ્યાને લઇ ઉમેદવારે બંને પેપરના કુલ-૨૦૦ ગુણમાંથી મેળવેલ કુલ ગુણના આધારે નક્કી થયેલ મેરીટસ ક્રમાંક, કેટેગરીવાઇઝ ખાલી જગ્યાની વિગતો તેમજ કેટેગરીવાઇઝ મેરીટસના અગ્રતાક્રમ મુજબ જે તે કેટેગરીના લાયક ઉમેદવારોને નિમણૂંક માટે ફાળવવા અંગેની પસંદગી યાદી મંડળ દ્વારા તૈયાર કરી જાહેર કરવામાં આવશે. પરીક્ષા પધ્ધતિમાં ફેરફાર કરવાનો મંડળનો હકક અબાધિત રહેશે.

(૪) ઉમેદવારે સચિવાલય વિભાગો અથવા ખાતાના વડાની કચેરીમાં નિમણૂક માટે તેમની પસંદગીનો ક્રમ બતાવવાનો રહેશે.

(૫) એકવાર મંડળને સબમિટ કર્યા પછી પસંદગીના ક્રમમાં કોઈ ફેરફાર કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

(૬) સચિવાલય વિભાગો અથવા ખાતાના વડાની કચેરીઓમાં ખાલી જગ્યાઓની યોગ્યતાના ક્રમને ધ્યાનમાં રાખીને, ફાળવણી કરતી વખતે તેમની પસંદગીને ધ્યાનમાં લેવામાં આવશે.

(૭) સચિવાલય વિભાગો અથવા ખાતાના વડાની ફાળવણીમાં ફેરફાર માટેની કોઈપણ વિનંતીને એકવાર ફાળવણી કર્યા પછી ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

